No. of Printed Pages: 2

Seat No. __________

[20/A-22]

# SARDAR PATEL UNIVERSITY

## T.Y.B.A. (Semester-v) Examination
## Saturday, 24th September, 2022
## 03:30 P.M. to 05.30 P.M.
## UA05CGLT14 : Core Corse(Gujarati)
## અપઠિત(Unseen)

કુલ ગુણ : ૭૦

નોંધ : જમણી બાજુના અંક ગુણ દર્શાવે છે.

પ્રશ્ન – ૧ 'અ' અને 'બ' વિભાગમાં સૂચના પ્રમાણે લખો.

અ. નીચેનામાંથી કોઈપણ બે વિચાર વિસ્તાર સમજાવો. ૨૦

(૧) વિદ્યા પુસ્તકમાં અને પર કબજામાં ધન,
ભીડ પડે કામ ના'વે એ વિદ્યા ને ધન.

(૨) સંપત ગઈ તે સાંપડે, ગયાં વળે છે વહાણ;
ગત અવસર આવે નહિ, ગયા ન આવે પ્રાણ.

(3) નથી જાણ્યું અમારે પંથ શી આફત ખડી છે,
ખબર છે આટલી કે માતની હાકલ પડી છે.

(૪) છે ગરીબોના કૂબામાં તેલનું ટીપુંય દોહ્યલું,
ને શ્રીમંતોની કબર પર ઘીના દીવા થાય છે.

બ. નીચેના પરિચ્છેદનો ૧/3 ભાગમાં સંક્ષેપ લેખન કરો. ૨૦

અત્યારે યુવાવસ્થા સ્પૃહણીય ગણાય છે. મોટી ઉંમરે પણ યુવાવસ્થા હોવી એ ધન્ય ગણાય છે. ત્યારે હું પૂછી શકું કે યુવાન કોને જાણવો ? જન્મ પામ્યાને થોડા વરસો થયાં હોય એટલા ઉપરથી જ યુવાન ગણી શકાય ? નહિ જ. જે નાની ઉંમર છતાં પણ માણસ બુઢ્ઢાની માફક ભવિષ્યની ચિંતા કરતા ફરે, લાભાલાભનો હિસાબ ગણવા બેસે, ભય અને ગણત્રીબાજીથી ઉભરાતા જીવનના ઉલ્લાસને દબાવી દે તો તે યુવાન શેનો ? પોતાની વૃત્તિઓને સ્વાર્થની મર્યાદામાં સંકડાવે અને તેને સ્વતંત્ર લીલા ન કરવા દે તો તે યુવાન શેનો ? અને આ કસોટીએ ભેગા મળેલામાંથી કેટલાને આપણે યુવાન ગણી શકીશું ? આપણે અનેક વિદ્યાથીઓને– હું ખાસ તેમને ઉદ્દેશીને જ બોલું છું–પોતાની શક્તિને અનુકૂળ નહિ પણ પરીક્ષાના પરિણામને અનુકૂળ વિષય, કે ભવિષ્યમાં સારી નોકરી મળે એના માટે અમુક વિષય નક્કી કરતા નથી જોતા ? આવી ચિંતા, નિર્વાહની ફિકર વૃદ્ધને હોય, યુવાનને ન શોભે.

- રા. વિ. પાઠક

અથવા



(P.T.O.)

સૌન્દર્યની ઉપાસના ધર્મપ્રેરક નીવડી અને નીવડે. કલા ધર્મની માતા જ નથી, તેને જીવંત રાખતી અમર સંજીવની છે. હું પુષ્ટિમાર્ગી વૈષ્ણવ નથી, પણ સાયંકાળે તેમના મંદિરે જઉં તો ત્યાં વહેતા સંગીતથી મુગ્ધ થાઉં અને અદ્ભુત સંવેદનો અનુભવું. ખ્રિસ્તી ધર્મનાં વૅનિસ આદિનાં ભવ્ય પ્રાર્થનામંદિરનાં રસ્કિનના વર્ણનો વાંચતી ધાર્મિક લાગણીઓ ઉદ્ભવે ને સંતોષાય છે. બાઇબલ કરતાં બૉટિચેલી, રાફેલ, ઍન્જેલો આદિની કલાકૃતિઓથી ખ્રિસ્તી પ્રેમ વધુ જીવંત રહ્યો છે; તેના સિદ્ધાંતો કરતાં નરસિંહ, સૂરદાસ, મીરાં વગેરેથી વૈષ્ણવ-પંથ વધુ પ્રાણવંતો છે; અને પંથ-ઉપપંથને વ્યાપી રહેતો ગગન જેવો આપણો હિન્દુ ધર્મ યુગેયુગે ભગવદ્ગીતા અને ઉપનિષદની કવિતામાંથી નવો અવતાર પામે છે. કલા આ વસ્તુ પોતાની જાતને સંપૂર્ણ પ્રમાણિક રહીને સાધી શકે. બાળક રમે છે તેમાં તેનો તંદુરસ્તી જાળવવાનો હેતુ નથી, પણ રમતથી સ્વાસ્થ્ય જળવાય ને શરીર કસાય છે. નદી વહે છે તેમાં ખેતરો પાષવાનો તેનો હેતુ નથી; તે તેનું સ્વભાવજન્ય કામ કરે છે અને ખેતરો પોષાય છે.

- વિષ્ણુપ્રસાદ ર. ત્રિવેદી

**પ્રશ્ન – ૨ નીચે આપેલા 'અ' અને 'બ' વિભાગમાંથી <u>ત્રણ-ત્રણ</u> સમજાવો. 30**

**<u>અ</u>. નીચે આપેલા છંદનું બંધારણ અને ઉદાહરણ આપી સમજાવો.**

(૧) શિખરિણી (૨) હરિગીત છંદ (3) મંદાક્રાન્તા છંદ

(૪) ઝુલણા (૫) હરિણી (૬) સોરઠો

**<u>બ</u>. નીચે આપેલા અલંકારની વ્યાખ્યા અને ઉદાહરણ આપી સમજાવો.**

(૧) શબ્દાનુપ્રાસ (૨) ઉત્પ્રેક્ષા (3) રૂપક

(૪) ઉપમા (૫) સસંદેહ (૬) વર્ણાનુપ્રાસ

—— x ——